ગુજરાત સરકારના કામકાજના નિયમો - ૧૯૯૦ ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડેલ સરકારી કામકાજ સંબંધે સૂચનાઓ પ્રમાણે અધિકારીઓને સત્તાની સોંપણી.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
હુકમ ક્રમાંક :- IMD/MSM/e-file/9/2023/0865/D,
સચિવાલય, ગાંધીનગર.
તા. 31 MAY 2023

હુકમ :-

ગુજરાત સરકારના કામકાજના નિયમો-૧૯૯૦ ના નિયમો-૧૫ હેઠળ બહાર પાડેલી સરકારના કામકાજ સંબંધી સૂચનાઓની સૂચના ૪(૧) અન્વયે કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગને ફાળવવામાં આવેલ વિષયો સંબંધના કેસો, હું મંત્રી, કુટીર ઉદ્યોગ આ હુકમ સાથે જોડેલ પરિશિષ્ટ- ૧,૨,૩,૪ માં દર્શાવ્યા પ્રમાણેના સ્તરે નિકાલ થાય તેમ નક્કી કરું છું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બલવંતસિંહ રાજપુત)
મંત્રી
કુટીર ઉદ્યોગ

નકલ રવાના:

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી ( પત્ર ધ્વારા ), રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર(પત્ર દ્વારા).
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા) .
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર( વધારાની પાંચ નકલ )
- સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી(કુટીર ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(કુટીર ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(કુટીર ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ખ,ખ-૧,ડી-૨), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.

E:\Desktop\Delegation power\power delegation 2021\cottage.docx

## પરિશિષ્ટ – ૧

**ગુજરાત સરકારના કુટિર ઉદ્યોગને લગતી નીચેની બાબતો નિકાલ કરવા અર્થે માન. મંત્રીશ્રી, કુટિર અને ખાદી ગ્રામોદ્યોગને રજુ કરવાની રહેશે.**

| ક્રમ. | વિષય |
|---|---|
| ૧. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના અધિકારીઓની આયોગની ભલામણ અનુસાર વર્ગ – ૧ અને વર્ગ–૨ ના અધિકારીઓની સીધી ભરતીથી નિમણૂંક આપવા અંગે. |
| ૨. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના અધિકારીઓની અજમાયશી સમય પૂર્ણ થતા લાંબા ગાળાના ધોરણે વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓની નિમણૂક આપવા અંગે. |
| ૩. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓનો અજમાયશી સમય લંબાવવા અંગે. |
| ૪. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧ ના અધિકારીઓની બઢતી માટેની પસંદગી સમિતિની ભલામણોનો સ્વીકાર. |
| ૫. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના અધિકારીઓની પસંદગી યાદીમાંથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગની અનુમતીથી અપેક્ષાએ સુચિત પસંદગી યાદીમાંથી વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓને બઢતી. |
| ૬. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧ ના અધિકારીઓની ફોરેન એસાઈમેન્ટ. |
| ૭. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓની બઢતી, બદલી અને નિમણૂંકનાકેસો. |
| ૮. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના અધિકારીઓની અજમાયશી સમય પૂર્ણ થતા લાંબા ગાળાના ધોરણે વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓની નિમણૂંક આપવા અંગે. |
| ૯. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧ ના બધા જ પગાર ધોરણ મેળવતા હોય તેવા અધિકારીઓની ખાતાકીય તપાસ ચાલુ હોય કે, સરકારી લેણું બાકી હોય, તેવા કેસોની સ્વૈચ્છિક નિવૃત્તિ. |
| ૧૦. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧, વર્ગ -૨ ના અધિકારીના સંબંધમાં ૫૦ થી ૫૫ વર્ષ સમીક્ષા, અપરીપકવ નિવૃત્તિ, ચાલુ રાખવાના કેસો, શિસ્ત ભંગના પગલાં લેવા, રાજીનામું, નિવૃત્તિ અથવા નોકરીમાં ચાલુ રાખવા બાબત તથા ખાનગી અહેવાલ વિરૂધ્ધ નોંધ સામેની રજૂઆતો. |
| ૧૧. | કુટિર ઉદ્યોગના અધિકારીઓની પસંદગી યાદી અનુસાર બઢતીથી લાંબી મુદતની પ્રથમ નિમણૂંક અને વર્ગ – ૧ ના અધિકારીઓની સંબંધમાં પસંદગી થયા અનુસાર બે મહિનાથી વધુ મુદત માટેની ત્યાર પછીની નિમણૂંકો સંબંધમાં ગુજરાત જાહેર સેવા આયોગની સલાહ અનુસાર સીધી ભરતીથી પ્રથમ નિમણૂંક બાબત. |
| ૧૨. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિરઉદ્યોગના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને કાયમી કરવા બાબત. |
| ૧૩. | કુટિર ઉદ્યોગ હેઠળ કર્મચારી/અધિકારીઓના અંગત કિસ્સાઓમાં નિયમોની છુટછાટની દરખાસ્તોના કેસો. |
| ૧૪. | કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા ચાલતી વિવિધ યોજનાઓની સમીક્ષા, મુલ્યાંકન તથા યોજનાના માળખામાં સુધારો કરવાની બાબત. (પાવર લુમ્સ સહિત). |
| ૧૫. | હાથશાળ, હસ્તકલા,ગ્રીમકો, ખાદી બોર્ડ, રૂરલ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ સાથે સંબંધિત નાણાકીય દરખાસ્તો. |
| ૧૬. | ઈન્ડેક્ષ – સી ને લગતી અગત્યની વહીવટી બાબતો જેવી કે,જગ્યાઓ મંજૂર કરવી, જગ્યાઓ ઉભી કરવી વગેરે. |
| ૧૭. | કુટિર ઉદ્યોગને સંબંધિત વિધાનસભા / લોકસભાના પ્રશ્નોના જવાબ બાબત. |
| ૧૮. | કુટિર ઉદ્યોગને લગતી નીતિ વિષયક બાબતો. |

| | |
|---|---|
| ૧૯. | કુટિર ઉદ્યોગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીઓના વર્ગ – ૧ અને વર્ગ- ૨ સંવર્ગની ભરતી, નિમણૂંક, બદલી, બઢતી,પ્રતિનિયુક્તિઅંગેની દરખાસ્તો. |
| ૨૦. | તમામ પ્રકારના સાધનો, યંત્ર સામગ્રી, ફર્નિચરની ખરીદી કે જેમાં રૂપિયા પચાસ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ થનાર હોય. |
| ૨૧. | વિભાગ કે તેની હેઠળની ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓના વર્ગ – ૧ ના અધિકારીઓના વિદેશ પ્રવાસની મંજૂરી બાબત. |
| ૨૨. | કુટિરઉદ્યોગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપની દ્વારા લેવામાં આવતા તમામ નીતિ વિષયક નિર્ણય અને મહત્વની બાબતો. |
| ૨૩. | જુદી-જુદી કામગીરીના સંદર્ભે જયારે ૧ (એક) કરોડથી ઉપરની રકમની ટેન્ડરની કામગીરી બાબતે ટેન્ડર બહાર પાડતા પહેલા અત્રેની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. |
| ૨૪. | કુટિર ઉદ્યોગ નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓના વર્ગ – ૨ માટેની બઢતી માટેની પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર. |
| ૨૫. | કુટિરઉદ્યોગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/ કંપનીની કચેરીમાં આઉટસોર્સથી લેવામાં આવતી તમામ પ્રકારની સેવાઓ માટેની એજન્સી નક્કી કરવા માટે તથા તેની શરતો અને બોલીઓ નક્કી કરવાની નીતિ વિષયક બાબતે પૂર્વ પરામર્શ કરવો. |
| ૨૬. | કુટિર ઉદ્યોગના નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશનની બોર્ડ મીટીંગના એજન્ડા મીટીંગ પહેલા અત્રે રજુ કરવાના રહેશે તેમજ મીટીંગ પૂર્ણ થયેથી કાર્યવાહી નોંધ અત્રે રજુ કરવાની રહેશે. |
| ૨૭. | કુટિર ઉદ્યોગની કચેરી દ્વારા આખર કરવામાં આવતી તમામ નીતિ/પોલીસી. |
| ૨૮. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓના વર્ગ-૧ ના અધિકારીઓની સેવા, નિયત કરેલ શરતો અને બોલીઓ અન્વયે, લોન સેવા પર આપવા બાબત. |
| ૨૯. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓમાં વર્ગ-૧ સંવર્ગની જગાઓની તબદીલી કરવા બાબત. |
| ૩૦. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓના વર્ગ-૧ ના બધાજ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓને ફરજ મોકૂફી પરથી પુનઃ સ્થાપિત કરી નિમણૂંક આપવાની બાબત. |
| ૩૧. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓના વર્ગ-૧ સંવર્ગના અધિકારીઓને મોટી શિક્ષા કરવાના શિસ્ત વિષયક કેસો. |
| ૩૨. | ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓના વર્ગ-૧ના અધિકારીઓ સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા માંગવામાં આવતી પ્રાથમિક તપાસની મંજૂરી. |
| ૩૩. | કુટિર ઉદ્યોગ સંબંધિત હયાત નીતિ / પોલિસીમાં છૂટછાટ આપવા બાબત અથવા તેમાં ફેરફાર કરવા બાબત. |
| ૩૪. | વિભાગના વિષયો સંબંધિત કેન્દ્ર સરકારની નીતિ વિષયક બાબતો તથા કેન્દ્ર સરકાર સાથે પરામર્શ અંગેનાકેસો. |
| ૩૫. | વિભાગના નિયંત્રણ હેઠળના બોર્ડ/નિગમ/કંપનીના કાયદા/નિયમો/મેમોરેન્ડમ ઓફ એસોસિએશન અને આર્ટિકલ ઓફ એસોસિએશન ઘડવા તથા તેમાં સુધારો કરવા અંગેની બાબતો. |
| ૩૬. | વિભાગના નિયંત્રણ હેઠળની સમિતિઓ, બોર્ડની રચના, પુન: રચના અંગેનાકેસો. |
| ૩૭. | વિભાગ હસ્તકના તમામ બોર્ડ, નિગમો, કંપનીના બિનસરકારી સભ્યો અને નિયામકોની નિમણૂક બાબત. |
| ૩૮. | વિભાગ હસ્તકના બોર્ડ નિગમ કંપનીને શેર કેપિટલ ફાળવવા અથવા લોન આપવા સંબંધિત બાબતો. |
| ૩૯. | વિભાગ હસ્તકના બોર્ડ, નિગમ, સંસ્થાઓ, કંપનીઓની નવી બાબતોની પૂર્વ બજેટ ચકાસણી અને વહીવટી મંજૂરી |
| ૪૦. | ભારત સરકારને મંજૂરી માટે મોકલવાની થતી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ બાબત. |
| ૪૧. | વિભાગ હસ્તકના વડા/બોર્ડ/નિગમ/સંસ્થાઓ/કંપનીઓના વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભામાં રજૂ કરવાની બાબતો. |
| ૪૨. | મંત્રીશ્રીના ધ્યાને મુકવી જરૂરી જણાય તેવી વિધાનસભાના કામકાજને લગતી બાબતો. |
| ૪૩. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં ફરજ બજાવતા અધિકારીઓની ખાલી થયેલ જગાનો વધારાનો હવાલો સોંપવા બાબત. (૩૦ દિવસથી વધારે રજાના કિસ્સામાં) |

| | |
|---|---|
| ૪૪. | કુટિર ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળ ખાતાના વડા જાહેર કરવાની દરખાસ્તો. |
| ૪૫. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા ને સત્તા સોંપણી કરવા બાબત. |
| ૪૬. | વિભાગ (ખુદ) અને ઉદ્યોગ પ્રભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન /કંપનીની કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૧ સંવર્ગના અધિકારીઓના સૈધ્ધાંતિક જોબ ચાર્ટ નિયત કરવા બાબત તથા તેમાં ફેરફાર કરવા બાબત. |
| ૪૭. | વિભાગ (ખુદ) અને ખાતાના વડાનીકચેરીઓમાં સ્ટાફ પેટર્ન, વહીવટી માળખાની રચના અને તેમાં ફેરફારને લગતી બાબતો. |
| ૪૮. | વિભાગ નિયંત્રણ હેઠળના ખાતાના વડાહસ્તક નવી કચેરીઓ મંજુર કરવા અને હયાત કચેરીને અન્યત્ર ખસેડવા બાબત. |
| ૪૯. | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/કંપનીની કચેરીઓ હસ્તકની સ્થાવર અસ્કયામતો અંગેની બાબતો. |

**નોંધ:-**

જ્યાં રાજ્ય સરકારના કોઇ વૈધાનિક નિયમો નીચે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી ને ખાતાના વડા તરીકે કોઇ બાબતે નિર્ણય લેવાની સત્તા હોય ત્યાં જે તે સંબંધિત વૈધાનિક નિયમોની જોગવાઇને જ અનુસરવાનું રહેશે. તેમજ સરકારશ્રીની સ્થાયી સુચનાઓ અને નાણાંકિય સત્તા સોંપણી નિયમ હેઠળ જ્યાં અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીને સત્તા સોંપાયેલ હશે તે સત્તા પુન:સોંપણી (Re delegate) કરી શકાશે નહીં, સિવાયકે ઉકતનિયમો અંતર્ગત તેવી જોગવાઇ હોય.

## પરિશિષ્ટ – ૨

### અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી કુટિર ઉદ્યોગ કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧. | કુટિર ઉદ્યોગ નિયંત્રણ હેઠળના વર્ગ – ૧ ના અધિકારીઓની પ્રાપ્ત રજા, રજા પ્રવાસ રાહત, એક માસ સુધીની મુદ્દત માટે ચાર્જ, ચાર્જ એલાઉન્સ, વાહન પેશગી અન્ય પેશગીઓ, ભવિષ્યનિધિમાંથી પેશગી અને ઉપાડ, પેન્શન, ગ્રેજ્યુઇટી વગેરે મંજુર કરવા બાબત તથા તેમને લગતી સર્વે મહેકમની બાબતો વિભાગના વર્ગ – ૨ અને વર્ગ – ૩ ના કર્મચારીઓને તેમજ ખાતાના વડાના વર્ગ – ૧ ના અધિકારીઓને સામાન્ય વહીવટ વિભાગ/નાણાં વિભાગના હુકમો મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત. |
| ૨. | કુટિર ઉદ્યોગ વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના રાજયપત્રીત અધિકારીઓની નોકરીમાં થયેલ તુટ જોડવા બાબત. |
| ૩. | કુટિર ઉદ્યોગ નિયંત્રણ હેઠળના અધિકારીઓ, કર્મચારીઓને પાસપોર્ટ અને વીઝા મેળવવા માટે ના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી) આપવા બાબત. |
| ૪. | કુટિર ઉદ્યોગ નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓને નાણાં વિભાગના આદેશો અનુસાર હવાઇ પ્રવાસની મંજૂરી આપવા બાબત. |
| ૫. | કુટિર ઉદ્યોગ હેઠળના સરકારી વાહનો તથા સામગ્રીના માંડવાળ (રાઇટઓફ) કરવા બાબત. |
| ૬. | કુટિર ઉદ્યોગ ઉપાડ અને ચુકવણી અધિકારીઓ જાહેર કરવા બાબત. |
| ૭. | જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, ગૌણ વિધાન સમિતિ, અંદાજ સમિતિ, ખાતરી સમિતિ, એ.જી. તરફથી આવતા ડ્રાફ્ટ પારા વગેરેને લગતી બાબતો જેમાં સરકારે આપેલ ખાતરી અંગે ઉત્તરના મુદ્દા. (કુટિર ઉદ્યોગને સંબંધિત) |
| ૮. | વિધાનસભાના પ્રશ્નો સચિવાલયના બીજા વિભાગને તબદીલ કરવા, કુટિર ઉદ્યોગને સંબંધિત |
| ૯. | કુટિર ઉદ્યોગના કર્મચારીઓ/અધિકારીઓને કચેરીના કામકાજના સમય સિવાયના અન્ય સમય દરમિયાન અભ્યાસ કરવા અંગેની મંજૂરી આપવા બાબત. |
| ૧૦. | બદલીની તારીખથી એક વર્ષ સુધી બદલીના સ્થળે જવા, બદલી થયેલા સરકારી કર્મચારીના કુટુંબ માટે ઠરાવેલી સમય મર્યાદામાં છુટછાટ આપવા બાબત (કુટિર ઉદ્યોગના કર્મચારીઓ/અધિકારીઓ) |
| ૧૨. | વર્ગ – ૧ ના અધિકારીઓને સામાન્ય ભવિષ્યનિધિમાંથી પેશગી, મોટર સાયકલ પેશગી, મકાન બાંધકામ પેશગી, વગેરે મંજુર કરવા બાબત. |
| ૧૩. | નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કર્મચારીના કુટુંબના સભ્યોને ઉચ્ચક સહાય ચુકવવા બાબત. |
| ૧૪. | કુદરતી આપત્તિની નીતિ વિષયક સિવાયની બાબતો. |
| ૧૫. | વર્ગ – ૩ અને વર્ગ – ૪ ના કર્મચારીઓના સંબંધમાં મોટી / નાની શિક્ષા કરવા અથવા બીજા પગલાં બાબત. |
| ૧૬. | નિયંત્રણ હેઠળના ખાતાના વડા અને કચેરીઓનાં વડાની કચેરીઓના નિરક્ષણ નક્કી કરવા અંગે. |
| ૧૭. | સરકારી કર્મચારીઓની વસુલાત માંડવાળ. (કુટિર ઉદ્યોગના કર્મચારીઓ સામે/અધિકારીઓ સામે) |
| ૧૮. | અંદાજપત્ર |
| ૧૯. | બચત સુપ્રત કરવા સંબંધી હુકમ. |
| ૨૦. | ફંડના પુન: વિનિયોગ. |
| ૨૧. | પુરક માંગણીઓ |
| ૨૨. | પ્રકીર્ણ આવર્તક ખર્ચ મંજુર કરવા બાબત. |
| ૨૩. | કુટિર ઉદ્યોગ સંબંધિત નવી કચેરીઓ તથા વિદ્યમાન કચેરીઓના વિસ્તરણ માટે રાચરચીલાની ખરીદી મંજુર કરવા બાબત. |
| ૨૪. | દરેક કિસ્સામાં તેના પોતાના ખાતામાં અથવા તાબાની કચેરીઓમાં સ્ટોર્સની વસુલ ન થઇ શકે તેવી કિંમત, જાહેર નાણાં વગેરે માંડવાળ કરવા બાબત. |
| ૨૫. | ખાતાએ તથા તાબાની કચેરીઓએ રાખેલ હોય તેવા તમામ મકાનોમાં નાણાકીય વર્ષમાં રૂ.૨,૫૦૦/- |

| | |
|---|---|
| | સુધીની મકાન માલિક પાસેથી ચાર્જ વસુલ કરવામાં આવ્યો ન હોય ત્યારે પોતાના ખાતાએ અથવા તાબાની કચેરીઓએ રાખેલ ભાડાના અને સંપાદિત કરેલા મકાનોની મરામત અને ફેરફાર મંજુર કરવા બાબત. |
| ૨૬. | વિભાગના અધિકારીઓ તરફથી કાયદાકીય બાબતોના અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થાય તો કાયદા વિભાગ સાથે પરામર્શ. |
| ૨૭. | જે કેસોનો નિકાલ કરવા માટે નાયબ સચિવ અથવા ઉપ સચિવની સત્તામાં ન હોય તેવા કેસો બાબત. |
| ૨૮. | વિભાગ હેઠળની કચેરીઓ માટેની નવી સ્ટાફકાર, વાહનોની ખરીદીના નાણાં વિભાગની મંજૂરી માટેની દરખાસ્તો. |
| ૨૯. | વિભાગ હેઠળના નિગમોના વાર્ષિક આયોજન – જોગવાઈઓ. |
| ૩૦. | રાજ્ય, આંતર રાજ્ય, આંતરરાષ્ટ્રીય ટ્રેડ ફેર કે જે આઈસી, રાજ્ય સરકાર અને આઇ.ટી.પી.ઓ નવી દિલ્હી દ્વારા યોજાતા હોય તેવી બાબતો. |
| ૩૧. | નિયંત્રણ હેઠળના તમામ બોર્ડ/નિગમો માટે બજેટ, સીએજી પારા, ઓડિટ પારા, સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રી સંદર્ભે. |

## પરિશિષ્ટ – ૩

### અધિક સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧. | સરકારી કામકાજ માટે મળેલ મિટીંગમાં આપવામાં આવતા ચા, કોફી, નાસ્તાના ખર્ચની મંજૂરી. |
| ૨. | વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓની અન્યત્ર નોકરી માટેની અરજીઓ મોકલવા બાબત. |
| ૩. | રૂ.૫,૦૦૦/- સુધીની કિંમતના ડેડસ્ટોક ઉપયોગમાં ન લઈ શકાય તેવી વસ્તુઓના વેચાણથી અથવા અન્ય રીતે નિકાલ કરવા બાબત. |
| ૪. | ઓડિટ વાંધાઓ અને હિસાબો મેળવવા વગેરે. |
| ૫. | ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને વર્તણુક) ના નિયમો હેઠળ સરકારને કરેલ વહીવટી અપીલોની સુનાવણી |
| ૬. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડાની કચેરીના બિન રાજ્યપત્રીત કર્મચારીઓને પ્રતિનિયુક્તિ પર મોકલવા બાબત. |
| ૭. | તાંત્રિક અને બિન તાંત્રિક અધિકારીઓના ડીમડેઈટના આધારે પગાર સ્ટેટઅપ કરવા તથા ઈજાફાની તારીખ એડવાન્સ કરવા અંગેના પગાર ફિક્સેશનના કેસો બાબત. |
| ૮. | વર્ગ – ૨ ના અધિકારીઓની અન્યત્ર નોકરી માટેની અરજીઓ મોકલવા બાબત. |
| ૯. | વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીના વર્ગ – ૧ ના અધિકારીઓના ખાનગી અહેવાલ જાળવવા બાબત. |
| ૧૦. | વિભાગની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા તેમજ કાયમી જગ્યામાં ફેરવવા બાબત. |
| ૧૧. | જે કેસોનો નિકાલ કરવા ઉપ સચિવની સત્તામાં ન હોય તેવા કેસો અને ખાતાકીય તપાસ અંગેના કેસો. |
| ૧૨. | છ માસથી વધુ અને એક વર્ષથી ઓછો વધારાનો ચાર્જ સંભાળવા માટે ચાર્જ એલાઉન્સ મંજુર કરવા બાબત. |
| ૧૩. | વર્ગ – ૨ ના અધિકારીઓ માટે ખાતાકીય પરીક્ષા. |
| ૧૪. | વર્ગ – ૩ ના કર્મચારીઓને ૫૫ વર્ષ બાદ નોકરીમાં ચાલુ રાખવાની દરખાસ્તો. |
| ૧૫. | રાજયપત્રિત અધિકારીઓને નોકરી, આવક વગેરે બાબતના પ્રમાણપત્રો આપવા બાબત. |

## પરિશિષ્ટ – ૪

## ઉપ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧. | સેવા અને પગારના નિયમોના અર્થઘટન માટે નાણાં વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગને મોકલવાના જરૂરી કેસો. |
| ૨. | રૂા.૫,૦૦૦/- સુધીના આવર્તક ખર્ચની દરખાસ્તોના કેસો અને રૂા.૧૦,૦૦૦/- સુધીના અનાવર્તક ખર્ચની દરખાસ્ત નાણાં વિભાગના વખતો-વખતના નિયમોનુસાર. |
| ૩. | વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓની અનામત જગ્યાઓ અંગેની માહિતી મોકલવા બાબત. |
| ૪. | અંદાજપત્રની દરખાસ્તો/પત્રકો/સુધારેલ અંદાજો અને પુરક માંગણી નાણાં વિભાગને મોકલવા બાબત. |
| ૫. | બિન રાજયપત્રીત કર્મચારીઓને સામાન્ય નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષાના હિન્દી પરીક્ષાઓ તથા પ્રાદેશિક ભાષાને લગતી પરીક્ષાઓમાં બેસવા દેવાની પરવાનગી આપવા તથા તેની અન્ય બાબતો. |
| ૭. | સરકારી કર્મચારીઓના ખાનગી અહેવાલ અને આનુષંગિક બાબતો. |
| ૮. | વિભાગના નિયંત્રણ હેઠળના કુટિર ઉદ્યોગ ખાતાના વડાની કચેરીના બિન રાજયપત્રીત કર્મચારીઓને નોકરી, આવક, ના-વાંધા પ્રમાણપત્રો આપવા બાબત. |
| ૯. | વ્યવસ્થા અને કાર્યરીતી તેમજ વહીવટી સુધારણાને લગતી બાબતો. |
| ૧૦. | નવી નિમણૂક કરવામાં આવેલ સરકારી કર્મચારીઓની દાકતરી તપાસ અને પૂર્વ ઈતિહાસ તથા ચારિત્ર અંગે ખરાઈ. |